# પાઠ

**– તેનાલીરામની ચતુરકથાઓમાથી સાભાર**

વિજયનગરના બ્રાહ્મણો ધનના ખૂબ લોભી હતા. તેઓ કેટલીક વખત રાજાની ઉદારતાનો કોઈને કોઈ બહાને ખોટો લાભ લઈ લેતા હતા.

એક દિવસ રાજાએ એમને પૂછ્યુ : ‘પુરોહિતજી ! મારા માતાજી મૃત્યુ પામ્યા ત્યારે એમણે અતિમ સમયે કેરી ખાવાની ઈચ્છા જાહેર કરી હતી. પરતુ એમની એ ઈચ્છા ત્યારે અમે પરી કરી શક્યા નહોતા. શુ હવે એવો કોઈ ઉપાય છે કે એમના આત્માને શાતિ મળે ?’

પુરોહિતજીએ કહ્યુ : ‘મહારાજ ! જો આપ એકસો આઠ બ્રાહ્મણોને સોનાની એક એક કેરી દાનમા આપો તો આપની માતાના આત્માને જરૂર શાતિ મળશે. બ્રાહ્મણોને આપેલુ દાન મૃતાત્મા સુધી પહોચી જાય છે.’

બધા જ બ્રાહ્મણોએ એકી અવાજે આ વાતને વધાવી લીધી.

વાત માન્ય રાખી દરેક બ્રાહ્મણને સોનાની એકસો આઠ કેરીઓ દાનમા આપી.

બ્રાહ્મણો તો સોનાની કેરીઓ મેળવી ખુશ થઈ ગયા.

બ્રાહ્મણોએ કરેલા કપટની ખબર ચતુર તેનાલીરામને જ્યારે પડી ત્યારે ખૂબ જ ગુસ્સે થયો.

એક મહિના પછી તેનાલીરામના માતાજી મૃત્યુ પામ્યા. ત્યારે તેનાલીરામે એ જ સોનાની કેરીનુ દાન લેનારા એકસો આઠ બ્રાહ્મણોને બોલાવ્યા. પોતાના ઘરમા એમને બેસાડી દરવાજો બધ કર્યો. પછી પોતાના નોકરોને કહ્યુ : ‘જાઓ, આગમા ધગધગતા લોખડના ગરમ–ગરમ સળિયા લઈ આવો અને આ બધા જ બ્રાહ્મણોની પીઠ પર ડામ આપો.’

નોકરો તરત જ લોખડના ગરમ સળિયા લઈ આવ્યા અને બ્રાહ્મણોને પકડી–પકડી ડામ આપવા લાગ્યા.

બ્રાહ્મણોની તો હાલત ખરાબ થઈ ગઈ. એક બ્રાહ્મણે કહ્યુ : ‘તેનાલીરામ ! આ બધુ શુ છે ? અમારી સાથે આવો વર્તાવ શા માટે ?’

ચતુર તેનાલીરામે શાતિથી કહ્યુ : ‘હે બ્રાહ્મણદેવ ! મારા માતાજી હાથ–પગના સાધાના દુઃખાવાને કારણે તેમજ પીઠના દુઃખાવાના કારણે ખૂબ જ દુઃખી હતા. દુઃખથી પીડાતા હતા. મૃત્યુ



પામતી વખતે તેમની એવી ઈચ્છા હતી કે એમને જ્યા–જ્યા દુઃખાવો થાય છે ત્યા–ત્યા એમના શરીરે ડામ દેવામા આવે. પરતુ એમની એવી ઈચ્છા અમે પ઼રી કરી શક્યા નહોતા. હવે જ્યારે મહારાજની માતાજીની કેરીની અધૂરી ઈચ્છા બ્રાહ્મણોને સોનાની કેરી આપવાથી પ઼રી થાય તો મારી માતાજીની અધૂરી ઈચ્છા પણ બ્રાહ્મણોને ડામ દેવાથી જ પૂરી થાય ને ? હવે મારી માતાજીના આત્માને જરૂર શાતિ મળશે.’

જ્યારે રાજાએ આ વાત સાભળી ત્યારે ચતુર તેનાલીરામની બ્રાહ્મણોને પાઠ ભણાવવાની યુક્તિ જોઈને હસી પડયા.

■